||ૐ શ્રી સાઈરામ ||

# || ૐ શ્રી સાઈ સર્વેશાય નમઃ || (૧૨)

સર્વના દેવ એવા દેવાધિદેવ ભગવાન શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાન શ્રી સત્ય સાઈબાબાને મનઃપૂર્વક જે યાદ કરે છે તેને પ્રતિસાદ આપીને સર્વ વ્યાપી સ્વામી તેને આશીર્વાદ આપે છે, એટલું જ નહીં, પણ ભગવાનનું કોઈપણ નામ લેવાથી તેને યાદ કરવાથી સ્વામી તે ભક્ત ઉપર કૃપાનો વર્ષાવ કરે છે, કારણ કે તે સર્વના દેવ એટલે સમસ્ત વિશ્વના પાલનકર્તા છે.

સમસ્ત વિશ્વમાં ફેલાયેલા સ્વામીના ભક્તોને સ્વામીએ તેમના ઈષ્ટદેવતાના રૂપમાં દર્શન આપ્યા છે. અનેક યુરોપિયન ભક્તોને પ્રભુએ ઇશુના રૂપમાં દર્શન આપ્યા છે. જૂના જમાનાના અનેક ભક્તોને શિરડી સાઈના રૂપમાં દર્શન થયા છે. એવા પણ ઘણા ભાગ્યવાન ભક્તો છે કે જેમને શિરડીના સમાધિ મંદિરમાં શ્રી સત્ય સાઈના દર્શન થયા છે. અવતાર ગ્રહણ કરતા પહેલાં વિરુપાક્ષ મંદિરમાં શ્રી શિવસાઈના દર્શન ઉપસ્થિત ભક્તોને થયા એ તો સર્વશ્રુત છે જ.

સ્વામીમાં સર્વદવ સમાવિષ્ટ છે. તેની આ કથા-

એક મહિલા સ્વામીની અસીમ ભક્ત હતી. સંસારની બધી જવાબદારીઓ પૂરી કરીને તે ક્યારે ક્યારેક સ્વામીના દર્શન માટે જતી. તેને ઘણી વખત એવું લાગતું કે તેના છોકરાએ પણ તેની સાથે સ્વામીના દર્શન માટે આવવું જોઈએ. પરંતુ છોકરો તેની ઇચ્છા માનવા તૈયાર ન હતો. એકવાર ઘણી આજીજી કરીને તેણે છોકરાને પુટ્ટપર્તિ જવા માટે તૈયાર કર્યો, પરંતુ, અડધા રસ્તે આવ્યા પછી તે બોલ્યો, " હું પુટ્ટપર્તિ આવતો નથી પણ તિરુપતિ જાઉં છું અને તે પ્રમાણે એ તિરુપતિ જતો રહ્યો અને તેની મા એકલી જ સ્વામીના દર્શન માટે ગઈ.

દર્શન આપવા માટે સ્વામી બહાર આવ્યા અને તે મહિલા સામે જોઈને ઉભા રહ્યા. તેને પાદનમસ્કાર આપ્યા, પરંતુ તેના ચહેરા ઉપર ખિન્નતા હતી. આ જોઈને સ્વામીએ તેને પૂછયું," અમ્મા તું દુઃખી કેમ છે? " આ સાંભળતા જ તેનું મન ભરાઈ આવ્યું અને તેનાથી કાંઈ જ બોલાતું નહોતું. આ જોઈને સ્વામી બોલ્યા," અમ્મા, હું જેમ અહીંયાં પટ્ટપર્તિમાં છું, તેમજ તિરુપતિમાં પણ છું જ એટલે તું દુઃખી થઈશ નહીં. તારો છોકરો તિરુપતિ ગયો છે ને? એટલે મારી પાસે જ આવ્યો છે!"

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||